# ધોરણ – ૩ : ગુજરાતી

## બ્લુપ્રિન્ટ આધારિત પ્રશ્નપત્ર

| | | | |
|---|---|---|---|
| **શાળાનું નામ** | રાઠવા ફળિયા દામાવાવ | **કુલ ગુણ** | ૪૦ |
| **વિદ્યાર્થીનું નામ** | ______________________ | **તારીખ** | ___________ |

**પ્રશ્ન – ૧. નીચેની વાર્તા વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો. (કોઈ પણ એક વિભાગ) (૦૫)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.13 – વર્ણનાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.

### સિંહ અને સસલું

જંગલમાં એક શક્તિશાળી સિંહ રહેતો હતો. તે રોજ પ્રાણીઓનો શિકાર કરતો હતો. સિંહના ભયથી બધાં પ્રાણીઓ ડરતાં હતાં. એક દિવસ બધાં પ્રાણીઓ ભેગાં થયાં અને નક્કી કર્યું કે રોજ એક પ્રાણીને સિંહ પાસે મોકલવું. એક દિવસ એક નાનું સસલું સિંહ પાસે મોડું પહોંચ્યું. તેણે કહ્યું કે રસ્તામાં બીજા એક સિંહે તેને રોક્યું હતું. સસલું સિંહને ઊંડા કૂવા પાસે લઈ ગયું. સિંહે કૂવામાં પોતાનું પ્રતિબિંબ જોયું અને તેને બીજો સિંહ માનીને કૂવામાં કૂદી પડ્યો.

૧. જંગલમાં પ્રાણીઓ કોના ત્રાસથી પરેશાન હતાં?

A. વાઘ
B. સિંહ
C. રીંછ
D. હાથી

૨. પ્રાણીઓએ સાથે મળીને શું નક્કી કર્યું?

A. જંગલ છોડવું
B. લડાઈ કરવી
C. રોજ એક પ્રાણી મોકલવું
D. છુપાઈ જવું

૩. સસલાએ સિંહને મોડું થવાનું શું કારણ કહ્યું?

A. રસ્તો ભૂલી ગયો હતો
B. બીજા સિંહે રોક્યો હતો
C. તે બીમાર હતો
D. વરસાદ પડતો હતો

૪. સિંહને ગુસ્સો શાથી આવ્યો?

A. સસલું મોડું આવ્યું તેથી
B. બીજા સિંહની વાતથી
C. સસલાએ પુંછડી હલાવી તેથી
D. જંગલ છોડવું પડ્યું તેથી

૫. અંતે સિંહનું શું થયું?

A. તે ભાગી ગયો
B. તે સૂઈ ગયો
C. તે કૂવામાં કૂદી પડ્યો
D. તે જીતી ગયો

**પ્રશ્ન – ૨. નીચેનો માહિતીલક્ષી ફકરો વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો. (કોઈ પણ એક વિભાગ) (૦૫)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.4 – માહિતીલક્ષી લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.

વાઘ માંસાહારી પ્રાણી છે. તેના શરીર પર કાળા રંગના પટ્ટા હોય છે. દરેક વાઘના પટ્ટાની રચના અલગ હોય છે. તે ઉત્તમ તરવૈયા હોય છે. વાઘની ગર્જના લગભગ ૩ કિલોમીટર દૂર સુધી સાંભળી શકાય છે. વાઘ સામાન્ય રીતે એકલો રહે છે અને એકલો જ શિકાર કરે છે. તેની જીભ ખૂબ ખરબચડી હોય છે. વાઘ શિકાર કરતી વખતે ખૂબ શાંત રહે છે અને છેલ્લી ક્ષણે હુમલો કરે છે.

૧. માંસાહારી પ્રાણી એટલે શું?

A. જે ઘાસચારો ખાય
B. જે ઘાસચારો અને માંસ બંને ખાય
C. જે માત્ર માંસ ખાય
D. જે માત્ર ફળ ખાય

૨. 'ગર્જના કરવી' એટલે શું?

A. ખૂબ મોટેથી અવાજ કરવો
B. રડવા લાગવું
C. ગીત ગાવું
D. ધીમે અવાજ કરવો

૩. વાઘની ગર્જના લગભગ કેટલા કિલોમીટર દૂર સુધી સાંભળી શકાય?

A. ૧ કિમી
B. ૨ કિમી
C. ૩ કિમી
D. ૫ કિમી

૪. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

A. વાઘને તરતાં આવડતું નથી
B. વાઘ ઉત્તમ તરવૈયો છે
C. વાઘને તરવા મદદ જોઈએ
D. વાઘ પાણીથી ડરે છે

૫. ફકરામાં 'રાત' માટે કયો શબ્દ વપરાયો છે?

A. ક્ષણ
B. મૂછ
C. રાત્રિ
D. શાંત

**પ્રશ્ન – ૩. માગ્યા મુજબ જવાબ આપો. (કોઈ પણ એક વિભાગ) (૦૮)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.3 – માહિતીલક્ષી લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.

**વિભાગ – ૨**

અ. શબ્દોને યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (૩)

• અક્ષરવાળી ટીકુબેન ચોપડીઓ નાના વાંચે છે.

...........................................................................................

• હતો ઢોલકપુરમાં રહેતો ભીમ.

.........................................................................................

• ઉંદર જતાં ફસાઈ ઘરમાં ગયો.

.......................................................................................................

**બ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. (૩)**

- કૂકડાનું ......................................... સાંભળી શનિ વહેલા ઊઠી ગયો. (કૂકડેકૂક / પકૂડેપકૂ)
- ચામાચીડિયું ડાળે .......................... .................લટકે છે. (ઊંધું / સીધું)
- મોરના માથા ......................................... સુંદર કલગી હોય છે. (પર / નીચે)

**ક. નીચેના વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો. (૨)**

૭. વાદળ માથે છત્રી ઓઢી શકે છે. [ ]

૮. શાળાનો ઘંટ ટન..ટન..ટન..ટન અવાજ કરે છે. [ ]

**પ્રશ્ન – ૪. (અ) ચિત્રને આધારે પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ એક વિભાગ) (૦૪)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.21 – પ્રકીર્ણ લખાણમાંથી વિગતો શોધે છે.




- ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે?

..........................................................................................................................................................

- ચિત્રમાં આપેલી કચરાપેટી ભરેલી હોવી જોઈએ કે ખાલી? શા માટે?

..........................................................................................................................................................

- ચિત્રમાં કેટલા છોકરા અને કેટલી છોકરીઓ છે?

..........................................................................................................................................................

- બાળકો સિવાય ચિત્રમાં બીજાં કયા જીવ દેખાય છે?

..........................................................................................................................................................

**પ્રશ્ન – ૪ (બ). યોગ્ય જોડકાં જોડો. (૦૪)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.2 – માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.

| અ | બ |
|---|---|

| | |
|---|---|
| ૧. વરસાદ | અ. રેબઝેબ |
| ૨. ઠંડી | બ. વાદળાં |
| ૩. પરસેવો | ક. પ્રવાસ |
| ૪. ગડગડાટ | ડ. તાપણું |

**પ્રશ્ન – ૪ (ક). માગ્યા મુજબ જવાબ આપો. (૦૪)**

**અધ્યયન નિષ્પત્તિ:** G303.6 – માહિતીલક્ષી લખાણના આધારે સર્જન કરે છે.

૧. 'ભાવનગર' શબ્દમાંથી બીજા ચાર શબ્દો બનાવો. (૨)

જવાબ: ________________ , ________________ , ________________ , ________________

૨. જુદું પડતું વાક્ય શોધીને લખો. (૨)

A. સૂર્યોદય થયો.
B. સૂરજ ડૂબ્યો.
C. વાર પડી.
D. સૂરજ ઊગ્યો.

**પ્રશ્ન – ૫. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈ પણ એક વિભાગ) (૦૬)**

**અધ્યયન નિષ્પત્તિ:** G304.9 – દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.

**વિભાગ – ૨**

• તમને ચોમાસામાં પલળવાની મજા આવે? કેમ? (૨ ગુણ)

..................................................................................................................................

..................................................................................................................................

• વાનરભાઈએ ઘર બનાવ્યું હોત તો શું થાત? (૨ ગુણ)

..................................................................................................................................

..................................................................................................................................

• ખૂબ જોરથી પવન ફૂંકાય તો તમને ડર લાગે? કેમ? (૨ ગુણ)

..................................................................................................................................

..................................................................................................................................

**પ્રશ્ન – ૬. નીચે આપેલા વિષય પર ચાર-પાંચ વાક્યોમાં લખો. (કોઈ પણ એક) (૦૪)**

**અધ્યયન નિષ્પત્તિ:** G304.1 – પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.

૧. ગાય   ૨. શાળા   3. ઘોડી   ૪. મારો પરિવાર   ૫. મારો મિત્ર / બહેનપણી

જવાબ: ____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________